# અમિત શાહના નિવાસે હાઈપ્રોફાઈલ બેઠક

## મોદી બ્રિક્સમાં હાજરી આપવા રવિવારે રવાના થયા તે પૂર્વે કેબિનેટનું વિસ્તરણ કરવામાં આવે તેવી પણ સંભાવના

નવીદિલ્હી,તા. ૩૧

કેન્દ્રિય કેબિનેટના વિસ્તરણને લઈને ચાલી રહેલી અટકળો વચ્ચે આજે ભાજપ પ્રમુખ અમિત શાહના આવાસ પર હાઈ પ્રોફાઈલ બેઠક યોજવામાં આવી હતી. જેમાં જુદા જુદા પાસા પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. બેઠકમાં કેન્દ્રિય નાણાંપ્રધાન અરૂણ જેટલી અને ભાજપના કેટલાક કેન્દ્રિય નેતાઓ હાજર રહ્યા હતા. આ બેઠકમાં આઠ કેન્દ્રિય પ્રધાનો હાજર રહ્યા હતા. મહત્વની બેઠક બાદ ભાજપ ગુજરાતના ઈન્ચાર્જ ભુપેન્દ્ર યાદવે કહ્યુ હતુ કે બેઠકમાં માત્ર રાજ્યમાં યોજાનાર વિધાનસભાની ચૂંટણીના મામલે વ્યુરહચના પર ચર્ચા કરવામાં આવી હતી. જો કે રાજકીય જાણકાર લોકો આને વહેલી તકે કરવામાં આવનાર કેબિનેટ વિસ્તરણ સાથે જોડીને જોઈ રહ્યા છે. જેડીયુ એનડીએમાં સામેલ થઈ ગયા બાદ કેબિનેટ વિસ્તરણને લઈને ચર્ચા ગરમ છે. માનવામાં આવે છે કે જેડીયુને કેન્દ્રમાં બે મંત્રી પદ આપવામાં આવી શકે છે. કેબિનેટમાં ફેરફાર માટેનુ એક કારણ રેલવે પ્રધાન સુરેશ પ્રભુ દ્વારા રાજીનામાની ઓફર પણ છે. સતત એક પછી એક રેલવે અકસ્માતના કારણે રેલવેપ્રધાન હાલમાં ભારે દબાણ હેઠળ છે. રેલવે પ્રધાનની ચારેબાજુ ટિકા પણ થઈ રહી હતી. પ્રભુએ થોડાક દિવસ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળીને રાજીનામાની ઓફર કરી હતી. જો કે થોડાક સમય સુધી રાહ જોવા માટે મોદીએ તેમને કહ્યુ હતુ. વેંકૈયા નાયડુ ઉપરાષ્ટ્રપતિ બની ગયા બાદ મંત્રીપદ ખાલી થયા હતા. ભાજપના નેતા અનિલ માધવ દવેના અવસાનના કારણે આ વર્ષે મે મહિનામાં વિજ્ઞાન પ્રધાન હર્ષવર્ધનને પર્યાવરણ મંત્રાલયની વધારાની જવાબદારી સોંપવામાં આવી હતી. જ્યારે નાયડુએ હોદ્દો છોડી દીધા બાદ સ્મૃતિ ઈરાનીને માહિતી અને પ્રસારણ મંત્રાલયનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો હતો.શાહના આવાસ પર યોજાયેલી હાઈ પ્રોફાઈલ બેઠકમાં જેટલી પણ ઉપસ્થિત રહ્યા હતા. જેટલીએ આજે સંકેત આપ્યો હતો કે તેઓ વધારે લાંબા સમય સુધી સંરક્ષણપ્રધાન તરીકે રહેશે નહી. રવિવારના દિવસે બ્રિક્સ બેઠકમાં હાજરી આપવા માટે નરેન્દ્ર મોદી રવાના થાય તે પહેલા કેબિનેટ વિસ્તરણ કરવામાં આવી શકે છે.



## પ્રાંતિજ નેશનલ હાઈવે-૮ જય અંબેના ઘોષ સાથે પદયાત્રીઓથી ઉભરાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ માર્ગ ઉપર હાલ પદયાત્રીઓની મોટી કતારો જોવા મલી રહી છે ત્યારે પગપાળા નીકળેલ માઈ ભક્તો માં અંબાના દર્શન કરી ધન્યતા અનુભવશે. જગત જનની માં અંબાના દરબારમાં હજારો ભકતો વરસાદ તડકો કે ઠંડીની પણ પરવા કર્યા વગર જય અંબેના ધોષ સાથે અંબાજી દુર છે પણ જાના જરૂર હે અને રાત્ર-દિવસ ચાલતાં માઈ ભકતો જાય છે. ભકતો પોતાની આકરી બાધાઓ પૂર્ણ કરવાકે મા અંબાના દરબારમાં શીશ નમાવી ધન્યતા અનુભવે છે તો કેટલાક માઈ ભક્તો મા નો રથ લઈને જતાં જોવા મળે છે તો કયારેક નાના બાળકોને પણ બેબી ગાડીમાં લઈ જતાં માઈ ભકતો જોવા મળે છે. ત્યારે હાલ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ પાસેથી પસાર થતાં માઈ ભકતોનો મોટો ધસારો જોવા મલી રહ્યો છે.

# ઉમેદવારોની પસંદગી કરવા કોંગીની સ્કીનીંગ કમીટી રચાઈ

અમદાવાદ,તા. ૩૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓને લઈ કોંગ્રેસ પક્ષ દ્વારા મહત્વની સ્કીનીંગ કમીટીની રચના કરી છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધીએ મહારાષ્ટ્રના સાંસદ બાલાસાહેબ થોરાટના અધ્યક્ષ પદે ચાર સભ્યોની સ્કીનીંગ કમીટીની રચના કરી છે. જેમાં અધ્યક્ષ થોરાટના નેજા હેઠળ અન્ય ત્રણ સભ્યા અજય લલ્લુ સાંસદ અને સીએલપી લીડર-ઉત્તરપ્રદેશ, ગીરીશ છોડનકર એઆઈસીસીના સેક્રેટરી અને પૂર્વ સાસંદ મીનાક્ષી નટરાજનની પણ નિયુક્તિ કરવામાં આવી છે. સ્કીનીંગ કમીટીની રચના થતાં જ હવે ગુજરાત કોંગ્રેસમાં ગુજરાત વિધાનસભાની બેઠકો પરથી કયા ઉમેદવારને ઉભા રાખવા અને કોને ટિકિટ આપવી તેની પસંદગીની કવાયત તેજ બનશે. ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમીટી દ્વારા ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી માટે રચાયેલી સ્કીનીંગ કમીટીની જાહેરાત કરવામાં આવી હતી. કોંગ્રેસ પક્ષ દ્વારા રચાયેલી આ મહત્વની સ્કીનીંગ કમીટી ગુજરાત કોંગ્રેસની ઈલેકશન કમીટી દ્વારા જે ઉમેદવારોની પસંદગી પર ભાર મૂકાશે તેનું સ્કીનીંગ, ચકાસણી-ખરાઈ અને આખરી ઓપ આપવાનું કામ કરશે. જે ઘણી મહત્વની અને નિર્ણાયક કામગીરી ગણાય છે. આ માટે સ્કીનીંગ કમીટીના ચેરમેન સહિતના સભ્યો ગુજરાતની મુલાકાત પણ લે તેવી પૂરી શકયતા છે.

આ બેઠકમાં પ્રદેશમંત્રી અજીતસિંહ વાઘેલા, પૂર્વ પ્રમુખ જશુભા રાણા, પૂર્વ ધારાસભ્ય સુરેશ પટેલ, પૂર્વ ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

જિલ્લા પંચાયતમાં પ્રશ્નોત્તરીના સમય દરમ્યાન સત્તાધીશોને વિપક્ષ ઓછા સંખ્યાબળથી પણ ઘેરવા માટેના પ્રયાસ કરશે તેમ મનાઈ રહ્યું છે. આ બેઠકમાં જિલ્લા પંચાયત દ્વારા હાઈમાસ્ક લાઈટના કામો સ્વભંડોળમાંથી કરવા બાબતે પણ ઠરાવ કરવામાં આવશે તેમજ અન્ય નવા કામો આ બેઠકમાં સામાન્યસભાની મંજૂરી માટે રજુ કરવામાં આવશે તેવા સંકેતો મળી રહ્યા છે.

આ બેઠકનું રાજકીય મહત્વ એટલા માટે વધી ગયુ છે કારણ કે ૨૦ મુદ્દા અમલીકરણ જે કોંગ્રેસ દ્વારા નિયત થયા હતા તે માટેની સમિતિ વિખેરવાનો નિર્ણય લેવામાં આવનાર છે. હવે આ સમિતિ વિખેરાતાં સભ્યોને અન્ય સમિતિમાં સમાવાય છે કે કેમ ? તેને લઈ અટકળો ચાલી રહી છે.

# ખેડબ્રહ્માના બ્રહ્માજી ચોકનો ગટરનો ખાડો જોખમી

ખેડબ્રહ્માના બ્રહ્માજી ચોકમાં પાલીકાની ગટરનો મોટા ખાડાથી રાહદારીઓ-બાલ મંદિરના બાળકો અને વાહનચાલકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. બે-ત્રણ માસથી ખોદેલી ગટરનો ખાડો પુરવા માટે વારંવાર રજુઆત કરવા છતાં પાલીકાના વહીવટકર્તાઓના પેટનું પાણી હાલતુ નથી. જાણે કે પાલિકાના બાબુઓ કોઈ અકસ્માતની રાહ જોઈ રહ્યા હોય. ગટરનો ખાડો સત્વરે પુરી ગટર દુરસ્ત કરવા લોક માંગ ઉઠવા પામી છે.

ખેડબ્રહ્માના બ્રહ્માજી ચોકમાંથી ગામ વિસ્તારના ગંદા પાણીની ગટર પસાર થાય છે. બે-ત્રણ માસ અગાઉ આ ગટર દુરસ્ત કરવા મોટો ખાડો ખોદવામાં આવ્યો હતો. અને ખાડો ખોદી કામ બંધ કરી દેવામાં આવ્યુ હતુ. જેને લઈ લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. બ્રહ્માજી ચોકમાં દૂધ મંડળી, બાલમંદિર, બ્રહ્માજી મંદિર આવેલુ છે. નાના મોટા વાહનો તથા રાહદારીઓની અવરજવર રહે છે. ગટરના ખાડામાં બાલમંદિરનું કોઈ બાળક પડી જાય તો તેના જીવનું જોખમ ઉભુ થાય તેમ છે. વળી દૂધ મંડળીમાં આવતા ખાણદાણના મોટા વાહનો તથા દૂધના ટેન્કર માટે આ ખાડો જોખમી પુરવાર થાય તેમ છે. દૂધના ટેન્કરને લાવવા-લઈ જવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. દૂધનું ટેન્કર ખાડામાં પડે તો દૂધ ઢોળાઈ જવાથી મોટુ નુકસાન થવાની વકી છે. આજ જગ્યાએ ગટરની દુરસ્તી વર્ષોથી કરવામાં આવે છે પણ તે કારગર નીવડતી નથી તેથી આ ગટરનો કાયમી ઉકેલ લાવવામાં આવે તેવુ લોકો ઈચ્છી રહ્યા છે. વળી આ ગટરમાં ગંધુ પાણી ભરાઈ રહેતુ હોવાથી લોકોના આરોગ્ય માટે પણ હાનીકારક સાબિત થાય તેમ છે.



## અંબાજી ભાદરવી મહામેળાનો વિધિવત પ્રારંભ

પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે તા.૩૧ ઓગષ્ટથી ૬ સપ્ટેમ્બર સુધી યોજાનાર ભાદરવી મહામેળાનો કલેકટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેનના હસ્તે વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો. અંબાજી દાંતા રોડ ઉપર દેવસ્થાન ટ્રસ્ટ ધ્વારા બનાવવામાં આવેલ પ્રદર્શન ગેલેરી આગળ માતાજીની પૂજા-અર્ચના કરીને માતાજીના રથને થોડેક સુધી લઈ જઈને કલેકટરશ્રીએ ભવ્ય વિધિવત પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે બ્રાહ્મણોએ શાસ્ત્રોક્ત વિધિથી માતાજીની પૂજા વિધિ કરીને મેળો સુખરૂપ સંપન્ન થાય તે માટે પ્રાર્થના કરી હતી. મેળા પ્રસંગે ૩૦ લાખથી વધુ યાત્રિકો અંબાજી આવવાની ધારણા છે. આ પ્રસંગે અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન શ્રી દિલીપ રાણા, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ડીરેક્ટર ગણપતભાઈ જોષી સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### ખુલ્લેઆમ ભંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આર ટી ઓ કચેરીમાં વાહનોની નોંધણી તેમજ હાઈસિક્યુરીટી નંબર પ્લેટ સહીતના કામ માટે આવતા અરજદારોના લીધે રોજબરોજ વાહનોનો ખડકલો થાય છે. ગ માર્ગ આસપાસ વાહનો ખડકાતા ટ્રાફિકની અવરજવરમાં પણ વાહનચાલકોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. જયારે આર ટી ઓ કચેરી નજીક રહેતા રહીશોને પણ ડગલે ને પગલે હાલાકી વેઠવી પડે છે. આર ટી ઓ કેમ્પસમા વાહનો પાર્ક કરવાની જગ્યા નથી. જયારે રહેણાંક વિસ્તારમાં પણ આડેધડ વાહનો ગોઠવાઈ જાય છે. ભારે વાહનોની પણ કતાર જોવા મળે છે. નજીકમાં સ્થિત જગ્યા વન વિભાગ હસ્તકની હોવાથી પાર્કીંગના ઉપયોગમાં લેવાતી નથી. આવા સંજોગોમાં પાર્કીંગની જટીલ સમસ્યાથી ત્રસ્ત સ્થાનિક રહીશો આ મામલે અનેકવાર એ આર ટી ઓ સમક્ષ રજુઆત કરી છે. પરંતુ કોઈ પરિણામ મળ્યુ નથી. આર ટી ઓ કચેરીમાં પણ પુરતી જગ્યાના અભાવ વચ્ચે અરજદારોના વાહનો કચેરી બહાર ઢગ થાય છે. પેપરલેસ અને અદ્યતન આર ટી ઓ કચેરી દ્વારા નગરમાં ટ્રાફિક નિયમનના અમલ માટે પણ અસરકારક કામગીરી કરી રહી હોવાનો દાવો કરવામાં આવે છે. ત્યારે આર ટી ઓ કચેરીના આંગણે જ ટ્રાફિક નિયમનના ભંગ બદલ માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી સ્થિતિ સર્જાઇ છે.

### પાણીના બોર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવશે. શહેરી વિસ્તારમાં આગામી ઉનાળા પુર્વે ફોર્સથી પાણી સપ્લાય કરવા માટે તંત્ર દ્વારા આગોતરૂ આયોજન કરવામાં આવ્યુ છે. પરંતુ શહેરી વિસ્તારમાં પાણીના નવા બોર બનાવાયા બાદ હજુ ત્રણ મહીનાના અંતે પણ ગ્રામજનોને છુટથી પાણી મળતુ નથી. અલબત્ત પાણીના નવા બોર બનાવવા માટે લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ ઈલેકટ્રીફિકેશનનુ કામ હજુ બાકી છે. ટોરેન્ટ પાવર દ્વારા હાથ ધરાયેલી કામગીરી હજુ પુર્ણ થઈ નથી. જેના લીધે ગામોમાં બોર ચાલુ થઈ શકયા નથી. જયારે બીજીતરફ પાણી માટે ગામોમાં સંપ તેમજ ઓવરહેડ ટાંકી બનાવાનુ કામ ટુંકમાં શરૂ કરાશે. જયારે ત્યારબાદ પાઈપલાઈનનુ કામ શરૂ કરાશે. પરંતુ આ કામગીરીમાં પુર્ણ થવામાં પણ સમય લાગશે. તબક્કાવાર હાથ ધરાનારી પાણીના પ્રાજેકટની કામગીરીને અનુલક્ષી નિયત સમય કરતા વધુ સમય લાગે તેમ છે. જેના લીધે આગામી ઉનાળામાં પણ શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પોકાર શાંત થાય તેમ ન હોવાનુ સ્પષ્ટ થઈ રહયુ છે.

### ઈમારત ધરાશાયી

● અનુસંધાન પહેલાનું ચાલુ

હાલત ગંભીર છે. ફાયર બ્રિગેડના સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે ઈમારતમાં નવ પરિવારો રહેતા હતા. ૪૦થી વધારે લોકો ફસાયા હોવાના હેવાલ મળ્યા બાદ તરત જ બચાવ કામગીરી હાથ ધરાઈ હતી. દક્ષિણ મુંબઈના ભીન્ડી બજાર વિસ્તારમાં આ બનાવ બન્યો હતો. ઈમારતમાં પ્રથમ માળે કેજી સ્કુલ છે. તુલીપ નર્સરી પણ છે. અનેક લોકોને બચાવી લેવામાં પણ સફળતા મળી હતી. અત્રે નોંધનીય છે કે મંગળવારે મુંબઈના જુદા જુદા ભાગોમાં ૧૩ ઈંચથી વધુ વરસાદ થયા બાદ અભૂતપૂર્વ સ્થિતિ સર્જાઈ હતી. પરિસ્થિતિને હાથ ધરવા માટે શેરીઓમાં બીએમસીના ૩૦ હજાર કર્મચારીઓ હજુ કામમાં લાગેલા છે.

### ડેરા દ્વારા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુરમીત રામ રહીમ પર અપરાધિક કેસ દાખલ કરવામાં આવ્યા બાદ આ પ્રકારના દસ્તાવેજો પર હસ્તાક્ષર કર્યા હતા. પોલીસ અધિકારીઓએ માહિતી આપતા કહ્યુ છે કે ડેરાના સમર્થકો દ્વારા આવા સેંકડો દસ્તાવેજો તૈયાર કરવામાં આવ્યા હતા. ૨૫મી ઓગષ્ટના દિવસે કોર્ટ દ્વારા બાબાને દોષિત જાહેર કરવામાં આવ્યા બાદ આ પ્રકારના દસ્તાવેજો જાહેર થવાની શરૂઆત થઈ હતી. ગુપ્તચર વિભાગના અધિકારીઓએ કહ્યુ છે કે તેમની પાસે એવી માહિતી હતી કે આ ટુકડીને ફરી સક્રિય કરવામાં આવી રહી છે. તેમણે કહ્યુ હતુ કે વર્ષ ૨૦૦૫માં કેટલાક ડેરા સમર્થકોએ આત્મબલિદાન આપવાના પ્રયાસ કર્યા હતા. સીબીઆઈ દ્વારા સજા ફટકારી દેવામાં આવ્યાના બે દિવસ બાદ ૨૭મી ઓગષ્ટના દિવસે પોલીસે અંબાલામાંથી બે લોકોને ૩૮ લાખની રકમ સાથે ધરપકડ કરી હતી. સાધ્વી પર રેપના કેસમાં દોષિત જાહેર કરવામાં આવેલા ડેરા સચ્ચા સૌદાના વડા વિવાદાસ્પદ બાબા ગુરમીત રામ રહીમને સીબીઆઈની ખાસ અદાલતે સોમવારે ધારણા પ્રમાણે જ કઠોર સજા કરી હતી.


## જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી

એ વિંગ, ત્રીજે માળ, સહયોગ સંકુલ, પથિકાશ્રમ પાસે,
સેકટર-૧૧, ગાંધીનગર
ફોન નં. ૦૭૯-૨૩૨-૩૨૧૪૩, ૨૩૨-૫૫૮૭૪ થી ૫૫૮૮૩
ફેકસ નં. ૦૭૯-૨૩૨-૩૨૧૪૩

### "સ્વચ્છ સંકલ્પ થી સ્વચ્છ સિધ્ધિ"

પેયજળ અને સ્વચ્છતા મંત્રાલય, ભારત સરકાર ધ્વારા આયોજીત સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત નીચેની સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે સર્વેને આમંત્રણ છે. સદરહું સ્પર્ધામાં રસરુચિ ધરાવતા સ્પર્ધકો ભાગ લઇ શકશે. "રાષ્ટ્રીય સ્વચ્છ ભારત એવોર્ડ" વિતરણ કાર્યક્રમ તા.૦૨-૧૦-૨૦૧૭ ના રોજ આયોજીત કરેલ છે. જિલ્લા કક્ષાએ નીચે મુજબની સ્પર્ધાઓનું આયોજન કરવામાં અવોલ છે.

-:: નિબંધ સ્પર્ધા ::-

વિષય "હું સ્વચ્છતા માટે શું કરીશ" (૨૫૦ શબ્દો)

-:: લધુ ફિલ્મ સ્પર્ધા ::-

" ભારતને સ્વચ્છ બનાવવા માટે મારૂં યોગદાન" (અવધિ ૨ થી ૩ મિનિટ)

જિલ્લા દીઠ જિલ્લા કક્ષાએ નિબંધ અને લધુ ફિલ્મ સ્પર્ધાની બન્ને કેટેગરીમાં પ્રથમ વિજેતાને રુા.૭૦૦૦/-, દ્વિતીયને રુા.૫૦૦૦/- અને તૃતીયને રુા.૩૦૦૦/- રોકડ પુરસ્કાર આપવામાં આવશે. સ્પર્ધાના આયોજન અંગે નીચે જણાવ્યા અનુસારની તારીખોમાં સંપુર્ણ કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે.

| | |
|---|---|
| સ્પર્ધામાં ભાગ લેવાની અંતિત તારીખ | ૦૮/૦૯/૨૦૧૭ |
| જિલ્લા કક્ષાએ આવેલ એન્ટ્રીનું મુલ્યાંકન કરવા અંગેની આખરી તારીખ | ૧૧/૦૯/૨૦૧૭ |
| રાજય કક્ષાએ જિલ્લા દીઠ નિબંધ અને લધુ ફિલ્મના પ્રથમ ત્રણ વિજેતાના નામ અને હાર્ડ કોપી મોકલી આપવાની તારીખ | ૧૨/૦૯/૨૦૧૭ |
| રાજય કક્ષાએ જિલ્લા દીઠ નિબંધ અને લધુ ફિલ્મના પ્રથમ ત્રણ વિજેતાઓના મુલ્યાંકન કરવા અંગેની આખરી તારીખ | ૧૪/૦૯/૨૦૧૭ |
| રાજય દ્વારા બંને કેટેગરીમાં પ્રથમ ત્રણ વિજેતાના નામ ભારત સરકારને મોકલી આપવા તથા એન્ટ્રી અપલોડ કરવા અંગેની આખરી તારીખ | ૧૫/૦૯/૨૦૧૭ |

સુચનાઃ-

- જિલ્લા દીઠ જિલ્લા કક્ષાએ આયોજિત નિબંધ સ્પર્ધામાં ૨૫૦ શબ્દોની મર્યાદામાં સાદા કાગળ પર સુંદર અને સ્પષ્ટ અક્ષરોમાં અથવા કોમ્પ્યુટર ટાઇપ કરવો તો શ્રુતિ ફોન્ટ સાઇઝ ૧૨ માં અરજી કરવાની રહેશે.
- લધુ ફિલ્મ સ્પર્ધામાં વિષયને અનુરુપ ૨ થી ૩ મિનિટની અવધિની ફિલ્મ તૈયાર કરી સીડી / ડીવીડી મોકલી આપવાની રહેશે.
- બન્ને કેટેગરીમાં સ્પર્ધક ગુજરાતી, હિન્દ્રી અને ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી પૈકી કોઇ પણ ભાષામાં આવેદન કરી શકશે.
- આપની અરજી નીચેના સરનામે નિયત સમય મર્યાદામાં મોકલી દેવાની રહેશે. નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ત્રીજો માળ, એ વિંગ, ત્રીજો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર અથવા ઇમેઇલ આઇડીઃ **sssess.gnr@gmail.com** પર મોકલી આપવી.
- બંધ કવરમાં કવર ઉપર "સ્વચ્છ સંકલ્પ થી સ્વચ્છ સિધ્ધિ" તથા જે સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તે સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તે સ્પર્ધાનું નામ દાત. નિબંધ સ્પર્ધા એવું ફરજિયાત લખવાનું રહેશે.
- સ્પર્ધા વિષેની વિગતવાર માહિતી **MyGov.in, NewIndia.in, mdws.gov.in** પર જોવા મળશે.

નિયામક,
જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ગાંધીનગર

માહિતી/૧૫૦૪/૧૭-૧૮


### નગરજનો ત્રસ્ત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વરસી જાય છે. આજે પણ બપોરના સમયે વરસાદનુ ઝાપટુ વરસ્યુ હતુ. જેના લીધે સેકટરોમાં પાણીના ખાબોચિયા ભરાયા હતા. સતત વરસાદી વાયરા વચ્ચે ભેજયુક્ત વાતાવરણથી નગરજનો સુસ્તી અનુભવી રહયા છે. વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી વાયરો યથાવત રહેતા રોગચાળાને પણ જોર મળી રહયુ છે. ત્યારે વરસાદી વાતાવરણ હવે જનઆરોગ્ય માટે ચિંતાનો વિષય બન્યો છે. ભાદરવામાં આકરો તાપ પડવાના બદલે આકાશમાં માંડ કયારેક સુરજદાદા દેખા દે છે. ત્યારે નગરજનો હવે વરસાદી વાદળો વિખેરાય તેની વાટે છે.

### સામાન્ય સભા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે સાંજે બોલાવેલી બેઠકમાં ૬ થી ૭ સભ્યો હાજર રહ્યા ન હતા.


## નડીયાદ પાણી પુરવઠા યોજના ટુંકાગાળામાંજ સાકાર થશે : મુખ્ય અધિકારી

### ૧૬.૮૫ કિમીની રાઇઝીંગ અને ૨૨૪ કિમીની ડિસ્ટ્રીબ્યુશન પાઇપ લાઇનની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ

નડીયાદ શહેરની મહી કેનાલ આધારીત પાણી પુરવઠા યોજના અંદાજે વર્ષ-૨૦૦૭/૦૯ દરમ્યાન બનાવામાં આવી હતી. ત્યારબાદ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મંજુરી મળતા આ યોજનાની તા. ૧૯/૦૧/૨૦૧૦ના રોજ તાંત્રીક મંજુરી મેળવવામાં આવી હતી. જયારે તા. ૩૧/૦૩/૨૦૧૦ના રોજ વહીવટી મંજુરી મેળવાઇ હતી. આ પ્રોજેકટની અંદાજીત રકમ રૂા. ૫૭૪૦.૨૬ લાખની હતી. જે પૈકી રૂા. ૫૫.૨૦ કરોડની ગ્રાન્ટ પ્રાપ્ત થઇ હતી તેથી નિયમાનુસાર ટેન્ડરની કાર્યવાહી કરી તા. ૦૯/૦૫/૨૦૧૧ ના રોજ જે. એમ. સી. પ્રોજેકટ (ઇન્ડીયા) ને વર્ક ઓર્ડર આપી કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ પ્રોજેકટના ભાગ રૂપે કુલ ૧૬.૮૫ કિલો મીટરની રાઇઝીંગ મેઇન પાઇપ લાઇન અને ૨૨૪ કિલો મીટરની ડીસ્ટ્રીબ્યુશન પાઇપ લાઇનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલી છે.

આ યોજના અંતર્ગત શીતલ સિનેમા પાસે પાણીની ટાંકી, રાણીબાગ કંમ્પાઉન્ડમાં પાણીની ટાંકી, બારકોસીયા રોડ પર પાણીની ટાંકી અને શુભમ સોસાયટી પાસે પાણીની ટાંકી એમ કુલ ચાર (૪) નવી ટાંકીઓનું નિર્માણ કરવાની કામગીરી પણ પૂર્ણ કરવામાં આવેલી છે. હાલમાં આ ચારેય નવી ટાંકીઓમાંથી પ્રજાજનોને પુરા ફોર્સથી અને પુરતો પાણીનો પુરવઠો સવાર-સાંજ નિયમિત રીતે પુરો પાડવામાં આવે છે.

આ પ્રોજેકટ અંતર્ગત મહી સિંચાઇ કેનાલ પાસે ઇન્ટેકવેલની કામગીરી ૮૦ ટકા જેટલી પૂર્ણ કરવામાં આવી છે. આ કામગીરીઓ પૂર્ણ કરતા વર્ષ-૨૦૧૪ સુધીમાં કુલ ૪૯.૬૫ કરોડાનો ખર્ચ થયેલ છે. જેનુ ચુકવણું વર્ષ ૨૦૧૪ પહેલા થયેલ છે. આ મળેલી ગ્રાન્ટમાથી બચત રહેલી રકમમાંથી હરીદાસ હોસ્પિટલ પાસેની ઓવરહેડ ટાંકી અને તેને સંલગ્ર ડીસ્ટ્રીબ્યુશન પાઇપલાઇન તથા રાઇઝીંગ મેઇન પાઇપ લાઇન નાખવા માટે ૩.૯૮ કરોડનું ટેન્ડર મંજુર કરવામાં આવ્યું છે. જે કામગીરી ટુંક સમયમાં હાથ ધરવામાં આવશે.

વર્ષ-૨૦૧૪ બાદ આ પ્રોજેકટ ની કામગીરી સંદર્ભે પ્રજા તરફથી લેખિત વાંધા અરજી આવતી હતી. જે અન્વયે નગરપાલિકા તરફથી જરૂરી વિગતો પુરી પાડવામાં આવી. સદર બાબતે સરકારશ્રીમાં પણ વખતો વખત રજૂઆત થયેલ જે અન્વયે સરકારશ્રીમાંથી પણ પ્રોજેકટ અંગેની જરૂરી ચકાસણી કરવામાં આવેલ છે અને તેમા તથ્ય ન જણાતા આવી વાંધા અરજીઓ કાઢી નાખવામાં આવેલ છે. અને ત્યારબાદ નગરપાલિકાની રજુઆત બાદ યોજનાની કામગીરી પૂર્ણ કરવા માટે નડીઆદના ધારાસભ્ય અને વિધાનસભાના મુખ્યદંડકશ્રી પંકજભાઇ દેસાઇ સાહેબ દ્વારા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઇ પટેલ સાહેબ સહિત સરકારના વિવિધ વિભાગોમાં રજૂઆત કરીને આ યોજના અગાઉ અંતગર્ત વર્ષ-૨૦૦૭માં મંજુર થઇ હતી. પરંતુ હાલમાં શહેરની પ્રતિદિન વધતી જતી વસ્તી અને વિસ્તારને અનુલક્ષીને સૌને જરૂરિયાત મુજબ પાણી મળી રહે તે માટે વધારાની પાઇપ લાઇનો નાખવાની સાથે-સાથે પાણી પુરવઠાના કામો માટે રૂા. ૨૮.૦૦ કરોડની મંજુરી મેળવવા અથાગ પ્રયાસો કર્યા હતા. જે સાર્થક નિવડયા છે. જે મુજબ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની નજીકનો ઇન્ટેકવેલ, વોટર સમ્પ, પંપ હાઉસ, ડબ્યુ ટી. પી. બનાવવા માટે ટી. પી. સ્કીમ નં. ૭માં જમીન ફાળવવામાં આવેલી છે. ટી.પી. નં.૭નો મુસદો શહેરી વિકાસ વિભાગના પત્રક નં.જી.એચ./વી/૧૦-૨૦૧૭ તા. ૯/૦૧/૧૭થી મંજુર કરવામાં આવેલ છે. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ નં ૪૮-ક મુજબ જે ખેડુતોની જમીન નગરપાલિકાએ પ્રોજેકટ અંતર્ગત મેળવવાની થાય છે તે નગરપાલિકા મેળવી શકે છે. તે મુજબ આ કામગીરી માટે જમીન મેળવવામાં આવેલ છે. ઉપરોકત વિગતોની રજુઆત કરી સદર યોજના પૂર્ણ કરવા માટે જરૂરી અંદાજો બનાવી સરકારશ્રીમાં મોકલી આપવા આવેલ જે અન્વયે સદર યોજનાની ચકાસણી કરી બાકી રહેલ કામગીરી જેવી કે સમ્પ, ફીલ્ટર પ્લાન્ટ, ઇન્ટેકવેલ , પંપ હાઉસ તથા ખુટતી રાઇઝીંગ મેઇન માટે અમૃત મીશન યોજના અંતગર્ત રૂા. ૨૮.૦૦ કરોડની ગ્રાન્ટ મંજુર કરવામાં આવેલ છે. ત્યારબાદ નિયમોનુસારની કામગીરી કરી ટેન્કર પ્રક્રિયા પૂર્ણ કરી પ્રોજેકટ પૂર્ણ કરવા માટે એજન્સીને વર્કઓર્ડર આપવામાં આવેલ છે. અને જે કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

(અજયભાઇ બ્રહ્મભટ્ટ)
કારોબારી ચેરમેન

(દશરથસિંહ ગોહિલ)
મુખ્ય અધિકારી

(હિતેશભાઇ પટેલ)
પ્રમુખ

નડિયાદ નગરપાલિકા

Impact Feature*